# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**ખુલ્લામાં કચરો બાળવા ઉપર નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા પ્રતિબંધ અન્વયેના આદેશનું પાલન કરવા બાબત...**

## પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ / સબયુનિટની કચેરીના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, તા.૨૩.૧૨.૨૦૧૬ ના દૈનિક સમાચાર પત્ર ગુજરાત સમાચાર, સુરતની આવૃત્તિમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે " દેશભરમાં ખુલ્લામાં કચરો બાળવા ઉપર પ્રતિબંધનો આદેશ કરી રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને પાલન કરવા બાબતે આદેશ કર્યાના સમાચાર પ્રસિધ્ધ થયેલ છે. જેથી ખુલ્લામાં કચરો ન બાળવા જણાવવામાં આવે છે.

મા. કુલપતિશ્રીની આજ્ઞાનુંસાર ઉપરોકત પરિપત્રનો ચૂસ્ત પણે અમલ કરવાનો રહેશે.

ઈ/ચા.કુલસચિવ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૧૨૦૬-૫૫/૨૦૧૭.
નવસારી. તારીખઃ ૨૪/૦૧ /૨૦૧૭.

**નકલ સવિનય રવાનાઃ–**

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તરફ જાણ તથા તા.૨૩.૧૨.૨૦૧૬ ના દૈનિક સમાચાર પત્ર ગુજરાત સમાચાર, સુરતની આવૃત્તિમાં પ્રસિધ્ધ થયેલ સમાચારમાં ( નકલ સામેલ છે. ) જણાવ્યાનુસાર અમલ કરવા જણાવવામાં આવે છે.

ગુજરાત સમાચાર
તા. 23-12-16 (અમદાવાદ આવૃત્તિ)

### રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આદેશનું પાલન કરવા નિર્દેશ

# દેશભરમાં ખુલ્લામાં કચરો બાળવા ઉપર NGTએ પ્રતિબંધ મૂક્યો

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૨

નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલ (એનજીટી)એ એક આદેશ જારી કરીને દેશભરમાં ખુલ્લામાં કચરો બાળવા ઉપર પ્રતિબંધ મૂકી દીધો છે. આદેશનો ભંગ કરનારા ઉપર પાંચ હજારથી લઈને ૨૫ હજાર સુધીનો દંડ ફટકારવામાં આવશે. આ અંગેનો નિર્દેશ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આપવામાં આવ્યો છે.

## ખુલ્લામાં કચરો બાળવા બદલ ૫ હજારથી લઈને ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારાશે

નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે પ્રદૂષણ રોકવાના સંદર્ભમાં એક મહત્ત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. દેશભરમાં લાગુ થયેલા આ આદેશ પ્રમાણે હવે ખુલ્લી જગ્યામાં કચરો બાળવા ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ આદેશનું પાલન ન કરનારા ઉપર પાંચ હજાર રૂપિયાથી લઈને ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એક્ટ-૨૦૧૬નું સખ્તાઈથી પાલન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. એનજીટીએ એક નિવેદનમાં કહ્યું હતું : ખુલ્લામાં કચરો બાળનારી વ્યક્તિ-સરકારી બોડીને દંડ ચૂકવવો પડશે. પર્યાવરણને નુકસાન પહોંચાડનારા આવા કિસ્સામાં છુટાછવાયો કચરો બાળવા બદલ ૫ હજાર રૂપિયાનો દંડ થશે. જ્યારે એક સામટો કચરો બાળવાના કિસ્સામા ૨૫ હજાર રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

એનજીટીએ દરેક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આ અંગે જાણ કરી છે. રાજ્યોને આ નિયમોના પાલન માટેનો એક્શન પ્લાન રજૂ કરવાનું કહેવાયું છે. જાહેરાત થયાના ૪ સપ્તાહમાં આ કાયદાનું કડક પાલન કરવાનું જણાવાયું છે. ભવિષ્યમાં પ્લાસ્ટિકના કચરામાંથી રિસાઈકલ કરીને રોડ બનાવવામાં તેમ જ અન્ય બાંધકામોમાં તેનો ઉપયોગ થાય એ માટેના પ્રયાસો વધુ સઘન બનાવવા કટિબદ્ધતા પણ અહેવાલમાં વ્યક્ત કરાઈ હતી.